For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### અસ્વચ્છતા ફેલાવનારાઓ સામે બુલડોઝર જેવી કાર્યવાહી

# શહેરમાં ગંદકી કરનાર ૩૧ એકમો સીલ

**સંત કબીર રોડ, ફતેગંજ** અને સ્ટેશન વિસ્તારના વેપારીઓમાં ફફડાટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

વડોદરાને સ્વચ્છ અને સુંદર રાખવાના VMCના પ્રયાસો વચ્ચે જાહેરમાં કચરો અને ગંદકી ફેલાવતા વેપારીઓ સામે પાલિકા તંત્રએ આકરાં પગલાં ભરીને કડક ઝુંબેશ હાથ ધરી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં અસ્વચ્છતા ફેલાવતા વેપારીઓ સામે વહીવટી વોર્ડ અને આરોગ્ય વિભાગની ટીમોએ ત્રાટકીને કુલ ૩૧ જેટલી દુકાનો અને એકમોને સ્થળ પર જ સીલ કરી દીધા છે, જ્યારે અન્ય એકમોને નોટિસ ફટકારી ચેતવણી આપવામાં આવી છે. શહેરના સંત કબીર રોડ અને ગેંડીગેટ રોડ વિસ્તારમાં લાંબા સમયથી કચરો અને ગંદકી ફેંકવામાં આવતી હોવાની ફરિયાદોને પગલે વહીવટી વોર્ડ નંબર-૧૪ની ટીમે દરોડો પાડ્યો હતો. સંત કબીર રોડ પર આવેલી ટાઈલ્સની આશરે ૨૦ જેટલી દુકાનોના માલિકો કાયમી ધોરણે ટાઈલ્સનો વેસ્ટ અને ટુકડા યોગ્ય જગ્યાએ નિકાલ કરવાને બદલે જાહેર માર્ગો પર નાખી ગંદકી ફેલાવતા હતા. નિયમ મુજબ આ પ્રકારનો વેસ્ટ નિર્ધારિત સ્થળે નિકાલ કરવાનો હોય છે, પરંતુ સૂચનાઓનું ઉલ્લંઘન થતાં વોર્ડ ઓફિસર મહેશભાઈ રબારી, સિનિયર સેનિટરી ઈન્સ્પેક્ટર ધીરેન ત્રિવેદી સહિતની ટીમે સ્થળ પર પહોંચી તમામ ૨૦ દુકાનોને સીલ કરી દીધી હતી તથા અન્ય ૧૪ દુકાનોને નોટિસ પાઠવી હતી. બીજી તરફ, વોર્ડ નંબર-૩માં આવતા ફતેગંજ, પ્રતાપગંજ અને રેલવે સ્ટેશન નજીક જલ મહેલ વિસ્તારમાં અગાઉ નોટિસ આપ્યા છતાં અસ્વચ્છતા ચાલુ રાખનારા વેપારીઓ સામે પણ આરોગ્ય વિભાગે સપાટો બોલાવ્યો હતો. સોમવારે સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ફતેગંજમાંથી ૪ અને જલ મહેલ વિસ્તારમાંથી ૭ મળી કુલ ૧૧ એકમોને સીલ મારી દેવામાં આવ્યા હતા, જ્યારે ફતેગંજની જાણીતી 'અપોલો ફાર્મસી'ને અસ્વચ્છતા બદલ નોટિસ ફટકારવામાં આવી છે. પાલિકા તંત્રની આ અચાનક અને કડક કાર્યવાહીથી સમગ્ર શહેરના વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

**સીલ અને નોટિસ મેળવનાર એકમોની વિગત**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી સ્વચ્છતા ઝુંબેશ હેઠળ નીચે મુજબના એકમો સામે કાર્યવાહી કરવામાં આવી છે

**સંત કબીર રોડ વિસ્તાર:** ટાઇલ્સનો વેસ્ટ જાહેરમાં ફેંકવા બદલ ૨૦ ટાઇલ્સની દુકાનોને સીલ કરવામાં આવી.

**જલ મહેલ વિસ્તાર (રેલવે સ્ટેશન નજીક):** વારંવાર અસ્વચ્છતા ફેલાવવા બદલ ૭ કોમર્શિયલ એકમોને સીલ કરાયા.



**ફતેગંજ વિસ્તાર:** નોટિસ છતાં ગંદકી જાળવી રાખવા બદલ ૪ વેપારી એકમોને સીલ કરવામાં આવ્યા.

**સંત કબીર રોડ (અન્ય એકમો):** ગંદકી ફેલાવતા ૧૪ અન્ય દુકાનદારોને નોટિસ ફટકારવામાં આવી.

**અપોલો ફાર્મસી (ફતેગંજ):** અસ્વચ્છતા બદલ આરોગ્ય વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી

### કાગળ પરના દાવાઓ પોકળ સાબિત થયા

# મકરપુરા સેવા સેતુમાં વહીવટી અંધાધૂંધી, લેપટોપ-પ્રિન્ટર વગર જ નાગરિકોને ધક્કા

**'સેવા'ના બદલે** 'પરેશાની' આપતા તંત્ર સામે સવાલોના વંટોળ, જવાબદાર કોણ ?



(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના પ્રશ્નોનું ઘરઆંગણે અને ઝડપી નિરાકરણ લાવવાના દાવા સાથે યોજાતા 'સેવા સેતુ' કાર્યક્રમો વડોદરામાં કાગળ પર જ સાબિત થતા હોય તેમ વડોદરાના મકરપુરા ખાતે વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. મકરપુરા ગામના અતિથિગૃહ ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં રાશનકાર્ડમાં નામ સુધારણા જેવા મહત્વપૂર્ણ કામ માટે કાલોલથી એક સિનિયર સિટીઝન વડોદરા આવ્યા હતા. અગાઉ તેમને માંજલપુર કચેરી દ્વારા ખાસ મકરપુરા ખાતેના આ સેવા સેતુ કાર્યક્રમમાં મોકલવામાં આવ્યા હતા, જેથી તેમનું કામ ઝડપથી થઈ શકે. પરંતુ, અરજદાર કાલોલથી લાંબી મુસાફરી કરીને મકરપુરા સ્થિત કાર્યક્રમ સ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં હાજર કર્મચારીઓ પાસે કામગીરી માટે જરૂરી લેપટોપ અને પ્રિન્ટર જેવી પ્રાથમિક સુવિધાઓ જ ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હતું. સાધનોના અભાવે સિનિયર સિટીઝનનું કામ થઈ શક્યું નહોતું અને તેમને કલાકો સુધી બેસાડી રાખવાની દુર્દશા સર્જાઈ હતી. આ સમગ્ર ઘટનાને લઈને હવે અનેક ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે જ્યારે કેમ્પમાં ઓનલાઈન કામગીરી કરવાની હોય, ત્યારે અગાઉથી લેપટોપ અને પ્રિન્ટર જેવી વ્યવસ્થાઓ કેમ સુનિશ્ચિત કરવામાં ન આવી ?

### જમીન અને રેકર્ડના કામો ઠપ્પ

# વડોદરામાં ૩૫૦ મહેસુલી કર્મચારીઓ માસ સીએલ પર, અરજદારો પરેશાન



(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત મહેસુલી કર્મચારી મંડળની લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓ સ્વીકારવામાં ન આવતાં આખરે કર્મચારીઓએ આંદોલનનો રણશીંગુ ફૂંક્યું છે. જેના ભાગરૂપે આજે વડોદરા જિલ્લા મહેસુલી વિભાગના ૩૫૦ કરતા વધુ કર્મચારીઓ એકસાથે માસ સીએલ પર ઉતરી આવ્યા છે, જેના કારણે જિલ્લાભરની મહેસુલી કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. આજે સવારથી જ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં મહેસુલી કર્મચારીઓ એકઠા થયા હતા. કર્મચારીઓએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાની રોષભેર માંગણીઓ દોહરાવી હતી. તમામ કર્મચારીઓ સરકારી કામકાજથી સંપૂર્ણપણે અલિપ્ત રહ્યા હતા, જેના કારણે કલેક્ટર કચેરી તેમજ વિવિધ પ્રાંત અને મામલતદાર કચેરીઓમાં આવતા નાગરિકોને કામ વગર જ પરત ફરવું પડ્યું હતું. કર્મચારીઓની આ હડતાળના કારણે જમીન-મિલકતના દસ્તાવેજો, પ્રમાણપત્રોની કામગીરી, અને રોજિંદા વહીવટી કાર્યોને ભારે ગ્રહણ લાગ્યું છે. મહેસુલી વિભાગના તમામ સ્તરે કામકાજ બંધ રહેવાથી વહીવટી તંત્રની કામગીરી પર સીધી અસર જોવા મળી છે. કર્મચારી મંડળ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો સરકાર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે અને તેમની પડતર માંગણીઓ નહીં સ્વીકારાય, તો આગામી ૭ ઓક્ટોબરથી તેઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ફરજ પડશે.

### PM મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ

# વડોદરામાં 'સમર્પણ યાત્રા' અને ભવ્ય ગરબા મહોત્સવ યોજાશે




(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં સેવા અને સમર્પણના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે સંસ્કારી નગરી વડોદરા ખાતે એક ભવ્ય અને યાદગાર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ ઉજવણીના ભાગરૂપે વડોદરા શહેરમાં 'સમર્પણ યાત્રા' અને વિશેષ ગરબા મહોત્સવ ધામધૂમથી યોજાશે, જેમાં સમગ્ર શહેર અને જિલ્લામાંથી હજારો નાગરિકો ઉત્સાહભેર જોડાશે.

આ ઉજવણીને અનુલક્ષીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રસિદ્ધ યુનાઈટેડ વે ના ગરબા મેદાન ખાતે એક વિશાળ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા એ રહેશે કે આગામી ૭ તારીખે હજારો ખેલૈયાઓ અને મહિલાઓ એકસાથે મળીને ગરબાના સ્વરૂપમાં એક વિશાળ માનવ સાંકળની રચના કરશે. ગરબાના માધ્યમથી રચાનારી આ અનોખી માનવ સાંકળ થકી એક નવો વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરવાનો ઐતિહાસિક પ્રયાસ હાથ ધરવામાં આવશે. શહેર અને જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનારી મહિલાઓ સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં પોતાનું યોગદાન આપવા માટે વિશેષ 'સેવા સંકલ્પ' લેશે. આ સાથે જ, મહોત્સવમાં હાજર રહેનારા તમામ નાગરિકો વડાપ્રધાન મોદીના 'વિકસિત ભારત'ના મહા અભિયાનમાં સક્રિયપણે જોડાવા અને દેશને પ્રગતિના પંથે આગળ લઈ જવા માટેના દ્રઢ સંકલ્પ ગ્રહણ કરશે.

### ગેરકાયદેસર વી.આર.એસ. અને છેતરપિંડી અંગે કલેક્ટરને આવેદનપત્ર

# વડોદરાની ફિલિપ્સ કંપની સામે ૭૦૦થી વધુ કર્મચારીઓનો આક્રોશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

પાદરા તાલુકાની અગ્રગણ્ય અને ગુજરાતભરમાં નામાંકિત એવી ફિલિપ્સ કંપની (Signify Innovations India Limited, Vadodara Light Factory) ના ૭૦૦થી વધુ કાયમી કર્મચારીઓને મેનેજમેન્ટ દ્વારા માનસિક ત્રાસ આપી, ધાકધમકીઓ તથા ખોટી ભ્રામક માહિતી આપીને ગેરકાયદેસર રીતે વી.આર.એસ. લેવાની ફરજ પાડવામાં આવી હોવાનો ગંભીર ધડાકો થયો છે. આ મા અંગે પીડિત કામદારોએ વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ન્યાયની ગુહાર લગાવી છે અને ઊંડાણપૂર્વકની તપાસની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, આ કંપનીમાં ૭૦૦થી વધુ કર્મચારીઓ વર્ષોથી કાયમી ધોરણે વિવિધ વિભાગોમાં પૂરતી નિષ્ઠા અને કુશળતાથી ફરજ બજાવતા હતા. કંપનીની પ્રોડક્ટ્સની ગુણવત્તા ઉત્તમ હોવાને કારણે સમગ્ર ભારતમાં કંપનીની શાખ સારી હતી અને યુનિટ સતત નફાકારક સ્થિતિમાં હતું. કર્મચારીઓને સમયસર દિવાળી બોનસ તેમજ અન્ય લાભો પણ મળતા હતા. કર્મચારીઓ પોતાના પરિવારના ભવિષ્યના સપનાઓ સાકાર કરવા આ કંપની સાથે જોડાયા હતા. કર્મચારીઓના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૧૭થી કંપનીના



મેનેજમેન્ટે હરીફ કંપનીના લોભ-લાલચમાં ફસાઈને ફિલિપ્સ કંપનીને પાયમાલ કરવાનું ષડયંત્ર રચ્યું હતું. કંપની ખોટમાં હોવાનું અને ટૂંક સમયમાં બંધ થઈ જવાની ખોટી તથા ભ્રામક વાતો ફેલાવીને કર્મચારીઓમાં ભયનું વાતાવરણ ઊભું કરાયું હતું. બંધ રૂમમાં બોલાવીને ટોર્ચર કરીને તેમજ નોટિસ બોર્ડ પર ખોટી જાહેરાતો મૂકીને મનસ્વી રીતે વી.આર.એસ. સ્વીકારવા દબાણ કરાયું હતું. કામદારો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે વી.આર.એસ. લીધેલા કર્મચારીઓની જગ્યાએ આઉટસોર્સિંગ કે કોન્ટ્રાક્ટ પ્રથા દ્વારા કામ કરાવવામાં આવ્યું, જે ગેરબંધારણીય છે.

### ૨,૦૦૦ કાર્યકરો ગરબા પંડાલોમાં નજર રાખશે

# નવરાત્રીને લઈને VHP અને બજરંગ દળ એક્શનમાં



(પ્રતિનિધિ) વડોદરા, તા.5

11 ઓક્ટોબરથી શરૂ થનારા નવરાત્રી પર્વને લઈને વડોદરા શહેરમાં ગરબા આયોજનોની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને વડોદરા મહાનગર બજરંગ દળ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. હિન્દુ સંગઠને શહેરમાં વિધર્મી મુક્ત ગરબાનું આયોજન થાય તેવી માંગ કરી છે. સાથે જ ગરબા મંડપોમાં પ્રવેશ માટે તિલક લગાવવાની વ્યવસ્થા રાખવા અને આધાર કાર્ડની ચકાસણી કર્યા બાદ જ પાસ અથવા એન્ટ્રી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. સંગઠનનું કહેવું છે કે નવરાત્રી દરમિયાન ગરબા સ્થળોએ સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રવેશ પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત કરવી જરૂરી છે. બજરંગ દળે વધુમાં જણાવ્યું હતું કે વડોદરા મહાનગરના 15 પ્રખંડોમાંથી આશરે 2,000 જેટલા કાર્યકરોની ટીમો વિવિધ ગરબા પંડાલોમાં નજર રાખશે અને ચેકિંગ કરશે.

### શહેરના તાંદલજા, અકોટા અને જેતલપુરમાં દબાણ શાખા એકાએક ત્રાટકી

# વડોદરામાં 'વિશ્વ પ્રાણી દિવસે' માંસ-મચ્છી માર્કેટ બંધ કરાવવા મુદ્દે તંત્ર અને વેપારીઓ સામસામે

નિયમ તમામ માટે સરખો રાખવા વેપારીઓની માગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨ ઓક્ટોબર 'ગાંધી જયંતી' અને ૪ ઓક્ટોબર 'વિશ્વ પ્રાણી દિવસ' નિમિત્તે કોર્પોરેશન સંચાલિત કતલખાના બંધ રાખવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત માંસ, મચ્છી અને ચિકનનો વેપાર કરતા અન્ય તમામ વેપારીઓને પણ આ બંને દિવસે વ્યવસાય સંપૂર્ણપણે બંધ રાખવા જણાવવામાં આવ્યું હતું. જોકે, શહેરના અનેક વિસ્તારોમાં વેપારીઓ દ્વારા કોર્પોરેશનની આ સૂચનાનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું સામે આવ્યું હતું. ગઈકાલે 'વિશ્વ પ્રાણી દિવસ' નિમિત્તે



કોર્પોરેશનની ટીમે માંસ, મચ્છી અને ચિકનનો વેપાર કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. જેતલપુર બ્રિજ નીચે આવેલા મચ્છી માર્કેટમાં કોર્પોરેશનની ટીમ ત્રાટકી હતી અને માર્કેટ બંધ કરાવવાની કામગીરી કરી હતી. આ દરમિયાન વેપારીઓએ ભારે હોબાળો મચાવી વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓનો આક્ષેપ હતો કે કોર્પોરેશન દ્વારા માત્ર જેતલપુર મચ્છી માર્કેટ સામે જ કાર્યવાહી કરવામાં આવી રહી છે, જ્યારે શહેરના અન્ય વિસ્તારોમાં માંસ-મચ્છી અને ચિકનનું વેચાણ ચાલુ હોવા છતાં ત્યાં કોઈ કાર્યવાહી થતી નથી. નવાપુરા, પાણીગેટ, યાકુતપુરા સહિતના વિસ્તારોમાં વેચાણની પ્રવૃત્તિ ચાલુ હોવાનો વેપારીઓએ આક્ષેપ કર્યો હતો. વેપારીઓએ સવાલ ઉઠાવ્યો હતો કે જો નિયમ લાગુ કરવો હોય તો તમામ માટે એકસરખો લાગુ કરવો જોઈએ. બીજી તરફ કોર્પોરેશનની ટીમ દ્વારા તાંદલજા, અકોટા સહિતના વિસ્તારોમાં પણ દુકાનો બંધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. કોર્પોરેશનના નિયત સમયપત્રક મુજબ વર્ષ દરમિયાન કુલ ૧૨ દિવસ માંસ-મચ્છીનો વેપાર બંધ રાખવાનો હોય છે. જેતલપુર મચ્છી માર્કેટ ૨ ઓક્ટોબરના ગાંધી જયંતીના દિવસે પણ ચાલુ હોવાને પગલે નોટિસ આપી દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

### આજથી રાજ્યવ્યાપી અચોક્કસ હડતાળ

# ભાડા બિલ : વકીલોનો વિરોધ, ભ્રષ્ટાચાર વધવાનો દાવો કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

ગુજરાત સરકારના ગુજરાત ભાડા વિધેયક-2026 સામે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે આપેલા આહ્વાનને પગલે આજથી રાજ્યભરના વકીલો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. વકીલોએ અદાલતી કામકાજથી અળગા રહી વિરોધ શરૂ કર્યો છે. રાજ્યના વિવિધ બાર એસોસિએશનો દ્વારા અગાઉ કરવામાં આવેલા પ્રતીકાત્મક વિરોધ બાદ સરકાર તરફથી સંતોષકારક નિર્ણય નહીં લેવાતા હવે આંદોલનને રાજ્યવ્યાપી બનાવવામાં આવ્યું છે. નવા ભાડા વિધેયકમાં ભાડા તથા મકાન સંબંધિત તકરારો અને વિવાદોના નિકાલની સત્તા સિવિલ કોર્ટ પાસેથી લઈને મામલતદાર, કલેક્ટર સહિતના વહીવટી અધિકારીઓને આપવાની જોગવાઈનો વકીલો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. રેવન્યુ તંત્રમાં ભ્રષ્ટાચાર વધવાની અને સામાન્ય નાગરિકોને ન્યાય મેળવવામાં મુશ્કેલી ઊભી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત નવા કાયદાની અસરથી કોર્ટમાં ચાલતા ભાડા સંબંધિત કેસોમાં ઘટાડો થવાથી વકીલો, ખાસ કરીને જુનિયર વકીલોના વ્યવસાય અને રોજગારી પર પણ પ્રતિકૂળ અસર પડશે તેવી રજૂઆત કરવામાં આવી છે. અગાઉ 30 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર દરમિયાન વડોદરા અને જામનગર સહિતના બાર એસોસિએશનોએ ત્રણથી ચાર દિવસ સુધી પ્રતીકાત્મક હડતાળ કરી હતી. તેમ છતાં સરકાર તરફથી કોઈ સંતોષકારક નિર્ણય ન આવતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સમર્થનથી રાજ્યની આશરે 280 બાર એસોસિએશનોએ આજથી અચોક્કસ મુદત સુધી કોર્ટના કામકાજથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે.

### વૃક્ષો, લોન અને બાળકોની રમવાની જગ્યા બચાવવાની માંગ

# કમાટીબાગની હરિયાળી વચ્ચે કોંક્રિટનું જંગલ ઊભું કરવાના આક્ષેપ કરાયાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરાના ઐતિહાસિક કમાટીબાગમાં કુદરતી હરિયાળી અને ખુલ્લી જગ્યાઓને દૂર કરી લોખંડ તથા કોન્ક્રીટના માળખાં ઊભાં કરવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપ સાથે મોર્નિંગ વોકર્સ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. કમાટીબાગ મોર્નિંગ વોકર્સ એસોસિએશનના નરેન્દ્ર રાવત અને અમી રાવતે આ કામગીરી સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ, કમાટીબાગના એક વિસ્તારમાં અગાઉ લોકો માટે બેસવાની જગ્યા, લોન અને બાળકોને રમવા માટેની ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હતી. લોકો અહીં સવાર-સાંજ કસરત કરતા અને વૃક્ષો તથા હરિયાળી વચ્ચે શાંતિપૂર્ણ સમય પસાર કરતા હતા. પરંતુ હવે આ જગ્યા પર કોન્ક્રીટનું માળખું ઊભું કરી તેના ઉપર લોખંડનું માળખું બનાવવામાં આવી રહ્યું છે. જેના કારણે નાગરિકોને બેસવા માટેની અને બાળકોને મુક્તપણે રમવા માટેની ખુલ્લી જગ્યા ઘટી જશે. મોર્નિંગ વોકર્સે આક્ષેપ કર્યો હતો કે કમાટીબાગની સાચી ઓળખ તેની લોન, ઘટાદાર વૃક્ષો, ફળ-ફૂલો અને કુદરતી વાતાવરણથી છે. અહીં સમર મેળ જેવા લોખંડના માળખાં કે અન્ય કૃત્રિમ આકર્ષણો ઊભાં કરીને બાગની કુદરતી સુંદરતા સાથે ચેડાં કરવા જોઈએ નહીં.



આવી પ્રવૃત્તિઓ માટે શહેરમાં અન્ય ઘણી જગ્યાઓ ઉપલબ્ધ છે. મોર્નિંગ વોકર્સનું વધુમાં કહેવું છે કે, કમાટીબાગમાં કોઈપણ પ્રકારનું નવું બાંધકામ કે સિમેન્ટ-કોન્ક્રીટનું કામ ન કરવામાં આવે તે અંગે ભૂતકાળમાં પણ અનેક રજૂઆતો કરવામાં આવેલી છે. હાલમાં સોલાર પેનલ કે માળખાં ઊભાં કરવાની વાત કરવામાં આવી રહી છે, પરંતુ તેના માટે કમાટીબાગની હરિયાળી અને ખુલ્લી જગ્યા પસંદ કરવાની કોઈ જરૂર નથી.

એસોસિએશનના સભ્યોના જણાવ્યા મુજબ, વડોદરા મહાનગરપાલિકા પાસે શહેરમાં અન્ય ઘણી ખુલ્લી જગ્યાઓ ઉપલબ્ધ છે, જ્યાં સોલાર પ્રોજેક્ટ સહિતની આવી પ્રવૃત્તિઓ સહેલાઈથી કરી શકાય છે.

### ક્રેડિટ કાર્ડમાથી રૂ.૭૮ હજાર ઠગે ઉપાડી લીધા

# પેન્શન કાર્ડ ચાલુ કરવાના ઓથા હેઠળ નિવૃત્ત કર્મચારી ઠગાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના બનાવો સતત નોંધાઈ રહ્યા છે, પરંતુ ફરિયાદો નોંધાયા બાદ ઠગો સુધી પહોંચવામા સાયબર ક્રાઈમ પોલીસ ની ટીમ સ્વતંત્ર નિષ્ક્રિય સાબિત થઈ રહી હોય તેવા સવાલો ઊભા થઈ રહ્યા છે. ઓનલાઈન છેતરપિંડીના બનાવોમાં નાગરિકોને લાખો-કરોડો રૂપિયાનો ચુનો લાગી રહ્યો છે અને નવા નવા કિસ્સા સામે આવી રહ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ગુનાઓ સામે કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં ઠગાઈની પદ્ધતિઓ બદલાઈ રહી છે અને ઠગો બેફામ બનતા હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. સાયબર ક્રાઈમ પોલીસ હાથ પર હાથ ધરીને બેસી રહેતા ઠગો દ્વારા હરણીના 68 વર્ષીય નિવૃત્ત કર્મચારીને પેન્શન કાર્ડ ચાલુ કરવાના બહાને રૂ.78 હજારની છેતરપિંડીનો ભોગ બનાવવામાં આવ્યા છે. હરણી વિસ્તારમાં મોટનાથ રોડ પર રહેતા નિવૃત્ત કર્મચારી રમેશચંદ્ર પટેલને તા.29 સપ્ટેમ્બરે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ICICI બેંકનો અધિકારી પ્રશાંતજીત સરકાર હોવાનું જણાવી પેન્શન કાર્ડ ચાલુ કરાવવાની વાત કરી હતી. વિશ્વાસમાં લીધા બાદ ઠગે વોટ્સએપ પર બેંકના નામે લિંક મોકલી હતી. પટેલે લિંક ઓપન કરતાં બેંક જેવું પેજ ખુલ્યું હતું અને તેમાં નામ તથા મોબાઈલ નંબરની વિગતો ભરી હતી. જોકે, બેંકનો પિન માંગવામાં આવતાં તેમણે પિન આપ્યો નહોતો. થોડા સમય બાદ મોબાઈલ હેક થયાની જાણ થતાં અજાણ્યો નંબર બ્લોક કરી દીધો હતો. પરંતુ બીજા દિવસે ક્રેડિટ કાર્ડનું સ્ટેટમેન્ટ તપાસતાં સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો.

### શિનોર તાલુકા પંચાયતના પૂર્વ મહિલા સભ્ય છેલ્લા ઘણા સમયથી આરોપી સાથે લિવ-ઇનમાં રહેતા હતા

# છાણભોઈ ગામે પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

શિનોર તાલુકાના છાણભોઈ ગામની નવી નગરીમાં 42 વર્ષીય મનીષાબેન કિરણભાઈ વસાવાની હત્યાથી ચકચાર મચી ગઈ હતી. મહિલાની સાથે લિવ-ઈનમાં રહેતા સતીષભાઈ નટવરભાઈ વસાવાએ વહેમના કારણે ઝઘડો કરી ધારદાર હથિયારથી હુમલો કરી હત્યા કરી હોવાની ફરિયાદના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. બાદમાં પોલીસે આરોપીને સ્થળ પર લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. તપાસ પૂર્ણ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે આરોપીને જેલના હવાલે કરવાનો હુકમ કર્યો હતો. શિનોર તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય મનીષાબેન વસાવા છેલ્લા ઘણા સમયથી સતીષભાઈ સાથે લિવ-



ઈન રિલેશનશિપમાં રહેતા હતા. દરમિયાન મનીષાબેન કોઈ અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરે ત્યારે સતીષભાઈને તેમના પર ખોટો વહેમ રહેતો હતો અને આ બાબતે બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. તા.4 ઓક્ટોબરની સવારે પણ બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા સતીષભાઈએ મનીષાબેનના માથાના વચ્ચેના ભાગે, પાછળના ભાગે, કપાળ તેમજ બંને હાથની આંગળીઓ પર ધારદાર હથિયાર જેવા સાધનથી હુમલો કરતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે શિનોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બનાવ બાદ શિનોર પોલીસની અલગ-અલગ ટીમોએ આરોપીની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન આરોપી છાણભોઈ ગામેથી મળી આવતા પોલીસે તેને તા.4 ઓક્ટોબરે ઝડપી લીધો હતો. પોલીસે આરોપીને સ્થળ પર લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યા બાદ કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં કોર્ટે આરોપીને સેન્ટ્રલ જેલના હવાલે કરવાનો હુકમ કર્યો હતો.